નમસ્કાર ગાંધીનગર

પમરાટ

ખીલતાં આ આયખાને આપણે બસ મોડવાનું,
વળગણોનું પોટલું બાંધી પછીથી છોડવાનું.

દ્વારને રાખી ઉઘાડાં; પાથરી નજરો હવે તો,
કોઈ આવી ઉંબરાને કંકુ-ચોખા ચોડવાનું.

વેગવંતી કો' નદીને પાર કરવા પૂલ બાંધો,
એમ ક્યાં આસાન હોતું બેઉ હૈયા જોડવાનું !

મુકેશ દવે

પાથેય

- રમેશ ઠક્કર

સુખનો વ્યાપ

જમાનો ઘણો આગળ નિકળી ગયો છે..અભાવો વચ્ચે પનપતી ખુશીનો આનંદ અનેરો હતો..આજે સુખસાહેબીના પ્રભાવો વચ્ચે સંકોચાતી કોરી લાગણીઓ છે કેવળ..ફેસબુક ઉપર સળવળતા મબલખ મિત્રો સામે મળે તો શુષ્ક લાગે છે.. સગવડો વધી છે..ઉપકરણો મબલખ છે..સુખનો વ્યાપ છતાં ઘટયો છે..આવું કેમ?

અમદાવાદથી વહેલી સવારે ઉપડેલી એસ.ટી.બસ છેક મોડી સાંજે રાધનપુરમાં પ્રવેશતી..બસ સ્ટેન્ડની નીરવતા પણ પોતીકી લાગતી..મુસાફરીમાં રઘવાટ ન હતો..ખુલ્લાં ખેતરો..ઉઘાડી સડક અને નિરભ્ર આકાશ સફરને આહલાદક બનાવતાં..'ચિયા ગોંમ રહેવું..?' આવો આત્મીય લ્હેકો અજાણ્યા મુસાફર તરીકે થતો જે ઘડીકમાં ગાઢ થઇ જતો..સફર અને સીમ વચ્ચે વાતાનુકુલિત પડદા ન હતા..

આજે એકાદ બે કલાકમાં આટોપાઇ જતી મુસાફરીમાં આ મજા નથી..અમારા ગામમાં છાપું બીજા કે ત્રીજા દિવસે આવતું..તોય ઘટનાઓ તાજી લાગતી..પસ્તીમાંથી પણ પાણીદાર વાચન મળતું..વાંચનની વાટે કુતૂહલ તરોતાજા રહેતું..આજના અનેકવિધ અખબારો કે સોશ્યલ મીડિયાની ઢગલાબંધ માહિતીમાં શું વાંચવું એ વિમાસણ છે..આજની ઘટનાઓ ભીતરને સ્પર્શ કરે ના કરે ત્યાં વિલાઇ જાય છે..નરી શુષ્કતા આપણને ઘેરી વળી છે..

થિયેટરોની ભીડમાં..લાંબી લાઇનોમાં ઉભા રહી ફિલ્મો માણવામાં અનોખો વૈભવ હતો..લાઇનમાં ઉભા રહેવું એ મનગમતો પરિશ્રમ હતો..આજે બંધ ઓરડામાં રિમોટના સ્પર્શવિહીન ઇશારે ચાલતી ચેનલોની ભીડમાં એ શોધવો મુશ્કેલ છે...છબીઘરોમાં ચિત્રપટની જે તલ્લીનતા રહેતી એ મલ્ટીપ્લેક્ષમાં પોપકોર્નની પ્રદુષિતતામાં પ્રગટતી નથી..

વસ્તુને નિરાંતે માણવાની વિરાસત કે પ્રસંગને આનંદિત બનાવવાની આવડત જાણે લુપ્ત થતી જાય છે..શહેરોમાં સડકો સગવડોમા સતત સમારકામ થતું રહે છે..માણસને ધરવ નથી..અતૃપ્તિઓનો ઓછાયો એને રઘવાયો બનાવે છે..અભાવો છતાં આનંદમાં જીવતો માણસ આજનાં અનેકવિધ ઉપકરણો વચ્ચેની શુષ્કતાના અભિશાપ કરતાં વધારે સુખી હતો..આપણી પાસે બધું છે પરિતૃપ્તી નથી..એ વખતે આપણી પાસે ઘણુંબધું ન હતું પણ આનંદનો અમૂલ્ય ઓડકાર હતો.. ખુબસુરત મુકામનો માણસ અને તેની ગુમરાહી એ આધુનિકતાની જાણે ગવાહી છે..માણસની દોડ એ જ જાણે માણસની તબાહી છે...

ચિત્તાનું દેશમાં પુનરાગમન...

તંત્રીસ્થાનેથી...

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એમની બોત્તેરમી વર્ષગાંઠ મધ્યપ્રદેશના કુનો રાષ્ટ્રીય અભ્યારણ્યમાં નામિબિયાથી ખાસ મંગાવાયેલ અને કરોડોના ખર્ચે ભારત પહોંચેલ દેશમાં છેલ્લા ઘણાં વર્ષોથી નામશેષ થઈ ગયેલા ચિત્તાઓને આવકારીને ઊજવ્યો. વળી એમણે બહુ કટાક્ષપૂર્વક કહ્યું પણ ખરું : અગાઉ કબૂતરો ઉડાડતાં હતાં, હવે ભારત ચિત્તાઓને પાંજરામાંથી વનમાં ફરતા કરે છે. પંડિત નહેરુની શાંતિપ્રિયતા સામેનો આ કટાક્ષ મોદીના વિશ્વવિજેતા સ્વરુપને નિખારનારો છે. હિંસક પ્રાણીઓ પણ પ્રકૃતિનો જ ભાગ છે અને ઈકોલોજી - પર્યાવરણમાં એમનો પણ એક વિશેષ રોલ છે. આપણાં ગાઢ જંગલોમાં હિંસક વન્ય જીવોનો તોટો નહોતો. પરંતુ માણસ તો સૃષ્ટિનું સૌથી ભયંકર હિંસક પ્રાણી છે. એણે પોતાના શોખ ખાતર શિકારનો એક સ્પોર્ટસનો દરજ્જો આપી દઈ આદિઅનાદિથી આવા શક્તિશાળી વન્ય જીવોનો સંહાર કરવામાં ગર્વ જ અનુભવ્યો છે. આખી દુનિયામાં રાજા મહારાજાઓ વટ પાડવા માટે શિકાર કરતા રહ્યા છે. વળી રાજા શિકાર ન કરે તો એ બાયલો ગણાતો, નામક મનાતો. એટલે રાજાઓ શિકારના નિષ્ણાતોને મોટા પગાર આપીને રાખતા. શિકાર તો નિશાનેબાજ શિકારીઓ જ કરતા પણ પછી એ મરેલા જાનવર પર પગ મૂકીને બંદૂકધારી રાજા ફોટા પડાવતા. એવા જાનવરોનાં આખેઆખાં મડદાં અંદર રસાયણો ભરીને રાજમહેલોમાં પ્રદર્શનોમાં મુકાતા. ક્યાંક વળી એમનાં ડોકાં કાપીને દીવાનખાનાંની દીવાલો શણગારવામાં આવતી. ભારત પાસે સૌથી શક્તિશાળી હિંસક પ્રાણી ગણાતા એશિયાટિક લાયન છે, જે વળી પાછા ગાંધીના કાઠિયાવાડમાં - ગીરમાં જ વસે છે અને હવે તો એમના કુદરતી રહેઠાણ પર માનવીએ ખણખોતર કરતાં છેક ગામડાંની શેરીઓમાં અને વાડીઓમાં આંટાફેરા મારતા થઈ ગયા છે. સિંહોને મધ્યપ્રદેશના કુનો અભ્યારણ્યમાં વસાવવાની શરતે સ્થાનિક રજવાડાએ એમની જમીન બક્ષિસમાં આપેલી. સિંહ તો ના આવ્યા પણ નામિબિયાથી સ્પેશિયલ કારગો ફ્લાઈટમાં ચિત્તા જરૂર આવી ગયા છે. છેક ૧૯૪૭માં છેલ્લા ત્રણ ચિત્તાઓનો રાજાએ શિકાર કરી દીધો એ પછી આપણા દેશમાં ચિત્તા નામશેષ થઈ ગયા હતા. વિશ્વના સૌથી ઝડપી એવા આ બિલાડી પ્રજાતિના પ્રાણીને ૧૯૫૨થી આપણી સરકારે નામશેષ ગણાવેલ હતું. એને ફરી વસાવવાના પ્રયાસો પણ છેક ૧૯૭૮થી શરૂ થયા હતા જે ૨૦૨૨માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસે ફળીભૂત થયેલ છે. મોદીએ આ ચિત્તાઓને દેશના મહેમાન ગણાવ્યા છે અને નવા પરિવેશથી જયાં સુધી હળીભળી ન જાય ત્યાં સુધી નેતાઓ સહિત કોઈને એમના દીદાર કરવા દેવાતા નથી - એવી કદક સૂચના આપીને તેઓ પાછા ફર્યા છે. ચિત્તાઓ નર ત્રણ અને માદા પાંચ છે. એમને યોગ્ય ખાણીપીણીની વ્યવસ્થા પણ કરાઈ છે. જયારે આ નવા વાતાવરણમાં બરાબર સેટ થઈ જશે તે પછી જ એમને ખુલ્લા જંગલમાં છોડવામાં આવશે જયાં એમના માટે મનગમતી 'ડિશ' જેવાં અસંખ્ય હરણો, સાબર અને નીલગાય જેવાં પ્રાણીઓ અગાઉથી મોજૂદ છે. નામિબિયા સાથેના કરાર મુજબ દર વર્ષે આઠ-દસ ચિત્તા ભારતને પહોંચાડવામાં આવશે. પર્યાવરણવિદોના આકલન મુજબ બાર વર્ષનું ટૂકું આયુષ્ય ધરાવતા આ હિંસક જીવોની સંખ્યા ૫૦૦ પર પહોંચશે ત્યારે એમને અહીંનું વાતાવરણ પૂરેપુરું અનુકૂળ આવ્યું લેખાશે. કુનો અભ્યારણ્યમાં દીપડા પણ છે. દેખાવમાં સમાન લાગતા દીપડા અને ચિત્તાને એમના ચહેરા પરથી ઓળખી શકાય છે. ગ્રામજનોને આ બે વચ્ચેનો તફાવત સમજાવવાની જવાબદારી પણ વડાપ્રધાને વન મિત્રોને સોંપી છે. ચિત્તાનું આગમન મોદીના કાર્યકાળનું વધુ એક સીમાચિહ્ન ગણાશે. એમણે સમરકંદમાં યોજાયેલી શાંઘાઈ સહયોગ સંગઠનની બેઠકમાંથી ભારત આવીને પોતાનો જન્મદિવસ આ લુપ્ત થયેલી પ્રજાતિને પુનર્વસન આપીને ઊજવ્યો છે એ સૂચક છે. મોદી પણ ચિત્તાની જેમ લાંબી ફાળ ભરીને ૨૦૨૪ની લોકસભા અંકે કરવા કૃતસંકલ્પ છે. 'ચિત્તા' અને 'ચિત્ત' વચ્ચે કોઈ સંબંધ ભલે ન હોય પણ આમ જનતાને તો મોંઘવારી અને બેરોજગારીની ભીંસમાં થોડા ફેરફાર સાથે દયારામની જાણીતી પંક્તિઓ જ ગણગણવી રહી : 'ચિત્ત, તું શીદને ચિંતા ધરે ?/ મોદીને કરવું હોય તે કરે !'

રીડેવલોપમેન્ટ અંગેની સમજૂતી

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

રીડેવલપમેન્ટ શબ્દનાં અર્થને જો સંક્ષિપ્તમાં જ વર્ણન કરીએ તો, પુનઃવિકાસ એટલે કે જુનું બાંધકામ તોડીને ફરીથી નવું બાંધકામ કરવું તે. ઘણા વર્ષો અગાઉ જમીનની કિંમત બાંધકામની કિંમત કરતા ઘણી ઓછી હતી, એટલે કે વધુ જમીનમાં ઓછું બાંધકામ કરવામાં આવતું હતું, પરંતુ હાલનાં સમયમાં જમીનનાં ભાવ આસમાને આંબી ગયેલ છે. આથી બાંધકામની કિંમત કરતાં જમીનની કિંમતમાં ધરખમ વધારો થયેલ છે, અને હવે ઓછી જમીનમાં વધુ બાંધકામ કરવામાં આવે છે. આથી જુના જર્જરીત થયેલા બાંધકામો જેવા કે, બંગલો, ફ્લેટ, રો-હાઉસ વિગેરે તોડીને બહુમાળી બિલ્ડીંગ બાંધવામાં આવીને, શહેરી વિકસીત જમીનમાં મળતાપાત્ર હિસ્સાનો ઉપયોગ કરી વધુમાં વધુ બાંધકામ કરવામાં આવે છે અને આ રીતે રીડેવલપમેન્ટ કરી જમીનનો મહત્તમ ઉપયોગ કરવામાં આવે છે.

અત્યારનાં સમયમાં લોકોની જીવનશૈલી બદલાઈ ગયેલ છે અને સમયની વ્યસ્તતાનાં કારણે લોકો એવા એરીયામાં રહેવાનું વધારે પસંદ કરેલ છે કે જ્યાંથી તેમને જીવન જરૂરીયાતની સુખ-સુવિધાઓ, ટ્રાન્સપોર્ટેશન વિગેરેની સુવિધાઓ સહેલાઈથી અને ઝડપી મળી રહે. આથી જુના શહેરોનું અત્યાધુનિક રીતે શહેરીકરણ કરીને, જુના વિકસીત વિસ્તારોને રીડેવલપ કરવામાં આવે છે, એટલે કે જુના બાંધકામને તોડીને શહેરી વિકસીત વિસ્તારમાં અત્યાધુનિક સુવિધાઓ સહિતનાં નવા બાંધકામ તૈયાર કરવામાં આવે છે. જેનો સૌથી મોટું ઉદાહરણ મુંબઈ શહેર છે. રીડેવલપમેન્ટ કરવામાં મુંબઈ શહેર દેશનું પ્રથમ દરજ્જાનું શહેર છે અને હવે અમદાવાદ, સુરત, બેંગ્લોર, હૈદરાબાદ, પૂના, જયપુર વિગેરે બીજા શહેરો પણ રીડેવલપમેન્ટની દિશામાં આગળ વધી રહ્યા છે.

કોઈપણ બિલ્ડીંગ/મકાન/બંગ્લો જર્જરીત થઈ ગયેલ હોય, અને તે વપરાશ યોગ્ય ન હોય, તે મતલબની નોટીસ કે સૂચના સરકાર દ્વારા અથવા યોગ્ય સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવે ત્યારે, જમીન માલિક/સોસાયટી/સોસાયટીનાં સભ્યો ભેગા મળીને પોતાની સોસાયટી/બિલ્ડીંગનાં જર્જરીત થયેલ જુના બાંધકામને તોડી પાડીને પોતે જાતે અથવા ડેવલપર/બિલ્ડીર મારફતે ફરીથી નવું બાંધકામ કરવાનું નક્કી કરે ત્યારે રીડેવલપમેન્ટ શક્ય બને છે.

જુનું બાંધકામ તોડીને નવું બાંધકામ કરવા માટે હાલની વધારાયેલી વધારાની એફ.એસ.આઈ.(ફ્લોર સ્પેસ ઈન્ડેક્ષ)નો લાભ મળે છે. નવા બાંધકામવાળી બિલ્ડીંગનું સ્ટ્રક્ચર વધારે સુખ-સુવિધાઓ અને સગવડો ભર્યુ બનાવડાવી શકાય છે, તથા હવેની પરિસ્થિતિમાં ધરતીકંપ પ્રુફ સ્ટ્રક્ચર બનાવી શકાય છે. સોસાયટીને/ સોસાયટીના સભ્યો / યુનિટ હોલ્ડરોને ડેવલપર તરફથી નાણાકીય લાભ પણ પ્રાપ્ત થાય છે. બિલ્ડીંગના નવા બાંધકામમાં અત્યાધુનિક સગવડોને કારણે સભ્યો/યુનિટ હોલ્ડરની જીવનશૈલીમાં પણ સુધારો થાય છે.

કો.ઓપરેટીવ સોસાયટી પોતાની માલિકીની જમીન અથવા યુનિટ હોલ્ડરો ભેગા મળીને પોતાની વગર વહેંચાયેલ હીસ્સાની જમીન ઉપર આવેલ જુના બાંધકામને તોડીને પોતાના જ ફંડમાંથી પોતાના નફા/નુકશાન સાથે, નવું બાંધકામ કરવા માટે બિલ્ડર સાથે બાંધકામનો કરાર કરે અને વધારાનું બાંધકામ સોસાયટી અગર યુનિટ હોલ્ડરો પોતાના નફા/નુકશાન માટે વેચે.

કો.ઓપ.સોસાયટી પોતાની માલિકીની જમીન અથવા યુનિટ હોલ્ડરો ભેગા મળીને પોતાની વગર વહેંચાયેલ હિસ્સી જમીન ઉપર આવેલ જુના બાંધકામને તોડીને બિલ્ડરના ખર્ચે બિલ્ડરના નફા/નુકશાન સાથે નવું બાંધકામ કરવા માટે બિલ્ડર સાથે ડેવલપમેન્ટ નો કરાર કરે અને બાંધયેલ નવા વધારાનાં યુનિટ બિલ્ડર પોતાની રીતે પોતાના લાભ માટે વેચાણ કરે.

સોસાયટીની માલિકીની જમીનમાં જુનું બાંધકામ તોડીને નવું બાંધકામ કરાવવા અંગેનો ઠરાવ સોસાયટીની સાધારણ સભા બોલાવીને પસાર કરી, સોસાયટીના તમામ સભ્યો અને બધા જ સભ્યની સંમતિ મેળવવી, અને ત્યારબાદ બધા જ સભ્યોનાં વતી રીડેવલપમેન્ટ અંગેનાં તમામ કાર્યો, નિર્ણયો, વ્યવહારો ઈત્યાદી તમામ કરવા માટે કમિટીની યોગ્ય રીતે નિમણૂક કરવી, રીડેવલપમેન્ટનું કામ કરવા માટે જુદા-જુદા બિલ્ડરો/ડેવલોપર પાસેથી દરખાસ્ત

અનુસંધાન પાના નં. ૭ પર

જીવન ટૂંકી મીણબત્તી નથી, એક ભવ્ય મશાલ છે

WhatsApp ઓફ ધી વીક
નેહલ ગઢવી

મૃત્યુ પામે તે પહેલાં -

હું મૃત્યુ પામું તે પહેલાં મારે મારી જાતને પૂરેપૂરો ઉપયોગ કરી લેવો છે. હું જેટલું વધુ કામ કરીશ એટલો વધારે હું જીવીશ. મારે માટે જીવન ટૂંકી મીણબત્તી નથી, એક ભવ્ય મશાલ છે, જે પળભર માટે મારા હાથમાં આવી છે અને ભવિષ્યની પ્રજાને તે સોંપી દેતાં શક્ય તેટલા તેજથી મારે એને પ્રજ્વલિત કરવી છે.

- જ્યોર્જ બર્નાર્ડ શો

આજના આ સમયમાં જેની પાસે સત્તા અને સંપત્તિ છે તેને માન મળે છે એવું આપણે જોઈ રહ્યા છીએ. પણ ખરેખર જો જોવા જઈએ તો સત્તા, સંપત્તિ કે પછી કેવળ જ્ઞાન કે વિદ્યા પણ સન્માનનીય ન જ ગણાય. દુનિયાદારીનું સંપૂર્ણ જ્ઞાન હોવું કે ભાગ્યના જોરે જ નસીબવાન હોવાનું પણ સન્માનપાત્ર નથી. સન્માનનીય કે સન્માનપાત્ર વ્યક્તિ એ ખરેખર પૂરેપૂરાં બળ, આવડત અને દિલથી મજૂરી કરતો મજૂર છે. એક મજૂર સાધન, ઓજાર વગેરેની મદદથી એટલો મચી પડે કે તેના હાથપગ, આંગળા, સ્નાયુઓ અને રગેરગ તેના કામમાં એકાગ્ર બનેલા હોય છે.

સન્માનાઈ હું બીજો ગણું છું બુદ્ધિમાન, બુદ્ધિસક્ષ, બુદ્ધિને વાપરી જાણનાર, ખેડનાર, પદોડનાર, નિચોવનાર, મથનાર, વલોવનાર, માથું ભમી ભમી ઘુમ્મ થઈ જાય, ફાટી પડતું લાગે, મૂર્ષિત થઈ જાય, ત્યાં લગી ખેદો ન છોડનાર મનન-પરાયણ નરને. કોદાળી, પાવડો, હળ, દંડાતી વગેરે જેમ મજૂરનાં ઓજાર છે તેમ વિદ્યા, શાસ્ત્ર, ઈતિહાસ, અનુભવ, અવલોકન, ભાવના અને સ્વપ્નાની સાતે સાક્ષાત વિરાટનો આખો ચરખો, વિચારક માણસનાં સાધનસામગ્રીય છે, ઓજાર-હથિયારે છે. એણે માણસજાતની નબળાઈઓને પણ શોધવાની તથા પરામર્શવાની છે. એણે અસ્પૃશ્ય અને અપવિત્રને, સડાને, રોગને પણ તપાસવા-ચૂંથવાના છે. માણસોમાં સન્માનાઈ જેટલો મજૂર છે તેટલો વિચારક છે, જેટલો વિચારક છે તેટલો મજૂર છે. વિચારકને કશું અપ્રસ્તુત નથી, સિદ્ધ નથી, કશું અસાધ્ય નથી. વિચારકને કોઈ પરમ ગુરુ નથી, વિચારક કોઈનું ગુરુપદ ચાહતો નથી. ગુરુપદ સમર્પવા આવે તેવાને સાફ કહી દે છે ભાઈઓ, તમે પોતે પોતાના ગુરુ બનવા સમર્થ છો. નાના-મોટા સૌ સ્વતંત્ર વિચારક બની પોતાપોતાના ગજા, અનુભવ, સંજોગો, સાથીઓ પ્રમાણે વિચારપ્રવૃત્તિમાં ધાયે જાય, એટલું જ તે તો વાંછે.

• • •

ભારત સરકારના ઉદ્યોગખાતાના એક કાળે સફળ પ્રધાન હતા તે ડી.એ. પાઈએ નાનપણમાં એક જ્યોતિષશાસ્ત્રીને પોતાનાં માતાજીને એવું કહેતાં સાંભળ્યા કે, આ છોકરો મેટ્રિકથી આગળ અભ્યાસ નહિ કરી શકે અને જીવનમાં સફળતા નહિ મેળવી શકે. તે દિવસ સુધી એ કિશોર આળસુ હતો, સવારો મોડો ઊઠે અને લેસન કરવામાં પાછો પડે. પણ આ વાત સાંભળીને રાતોરાત તેણે નિર્ણય કરી લીધો કે, આ જ્યોતિષીને ખોટા પાડવા. બીજા દિવસથી સવારે પાંચ વાગે ઊઠીને તેને બધું લેસન બરાબર કરવા માંડ્યું ને ઈતરવાચન માટે પણ સમય કાઢયો. વખત જતાં એ સિન્ડિકેટ બેંકના મેનેજિંગ ડિરેક્ટર બન્યા, ઈંદિરા ગાંધીની સરકારમાં પ્રધાનપદ મેળવ્યું.

• • •

મહાન લખાણ અને રોચક લખાણમાં ફરક છે. રોચક લખાણ શબ્દો જોડે રમતાં આવડે એવી કુદરતી બક્ષિસનું પરિણામ હોઈ શકે છે. જ્યારે મહાન લખાણ ઉદ્ભવે છે એકાગ્રતામાંથી. વિન્સ્ટન ચર્ચિલ જ્યાં સુધી વિચારને અનુરૂપ યોગ્ય શબ્દો ન મળે, ત્યાં સુધી પોતાના લખાણને મઠારવાની મહેનત કર્યા જ કરતા. પિકાસો ઘડીભરમાં શ્રેષ્ઠ કલાકૃતિ તૈયાર કરી શકતા; પરંતુ એ સરળ દેખાતી રેખાઓ પાછળ કલાકો અને મહિનાઓનો મહાવરો હતો.

• • •

બીજાઓ કરતાં પોતાને ચઢિયાતા બનાવવાની હરિફાઈમાં ઊતરવાને બદલે પોતાને પોતાની જાત કરતાં વધુ ઉત્કૃષ્ટ બનાવવી, તેમાં શ્રેષ્ઠતા રહેલી છે. આપણે બધા નોબેલ ઈનામ ન જીતી શકીએ, પણ એટલું તો જરૂર કરી શકીએ કે કોઈ પણ વસ્તુને ગઈકાલ કરતાં આજે વધુ સારી રીતે કરીએ, અને આવતીકાલે તેથી પણ વધુ સારી રીતે કરવાની ઉમ્મીદ રાખીએ.

Last Seen :

જો તમે મને એમ કહેશો કે, તમને એક શરતે છોડી શકીએ અને તે એ કે તમારે ક્યારેય, કશા માટે, કોઈ પણ પ્રકારની ચર્ચાવિચારણા ન કરવી, ઊંડા ઊતરી કશાનો તાગ મેળવવાનો પ્રયત્ન ન કરવો – આવી શરત પર તમે મને માફ કરવાના હો, તો મારો જવાબ છે : 'જ્યાં સુધી મારામાં પ્રાણ છે, બળ છે, ત્યાં સુધી હું તત્ત્વજ્ઞાન શીખવવાનું ચૂકીશ નહીં; જેને મળીશ તેને બોધ આપીશ."

- nehalgadhavi101@gmail.com

પસ્તી ઉઘરાવવાનો વ્યવસાય કરતા શાંતિભાઈએ દીકરાને મિકેનિકલ એન્જિનિયર બનાવ્યો: પ્રેરક કથા

પહેલું કિરણ
રમેશ તન્ના

આ વાત છે, શાંતિલાલ બંસીલાલ વૈષ્ણવની. તેઓ માત્ર આઠમું ધોરણ ભણેલા છે. ૪૯ વર્ષના શાંતિલાલભાઈ અમદાવાદમાં વર્ષોથી હાથલારી લઈને ઘરે ઘરે ફરીને, પસ્તી ઉઘરાવીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. તેઓ શિક્ષણનું મહત્વ સમજ્યા. તેમને લાગ્યું કે હું ભલે ભણી ના શક્યો, પણ હું મારા બાળકોને ચોક્કસ ભણાવીશ. તેમણે પોતાના દીકરા કનૈયાને ભણાવ્યો. કનૈયો નિષ્ઠાપૂર્વક ભણ્યો અને અત્યારે કનૈયાલાલ મિકેનિકલ એન્જિનિયર થઈને એક કંપનીમાં નોકરીએ લાગી

ગયા છે.

શાંતિલાલ કહે છે કે, મારે પણ ભણવું હતું, પરંતુ અમારો પરિવાર ખૂબ જ ગરીબ, એટલે હું ના ભણી શક્યો. શાંતિલાલભાઈ વર્ષો પહેલાં રાજસ્થાન છોડીને ગુજરાત આવ્યા છે. તેમનું મૂળ વતન રાજસ્થાનના ચિત્તોડગઢ જિલ્લાના પટેલિયા નામનું ગામ છે. તેમના પિતા ખેડૂત હતા. તેમને નવ વીઘા જમીન. ત્રણ દીકરા એટલે ત્રણેયના ભાગે ત્રણ ત્રણ વીઘા જમીન આવી. ત્રણ વીઘા જમીનમાં ગુજરાન ચલાવવાનું ખૂબ જ દુષ્કર હોવાથી તેઓ આર્થિક ઉપાર્જન માટે ગુજરાતમાં આવ્યા.

તેમનાં પત્નીનું નામ છે, રામકન્યાબહેન. તેમની ઉંમર ૪૬ વર્ષની છે. રામકન્યાબહેને શાંતિલાલભાઈને ખૂબ જ સાથ આપ્યો છે. શાંતિલાલભાઈ કહે છે કે એ સાથ આપે તો જ આ બધું થાય, નહીંતર આપણે કશું જ ના કરી શકીએ.

ઘરે ઘરેથી પસ્તી ઉઘરાવીને ધંધો કરતા શાંતિલાલભાઈ પોતાનું મકાન હમણાં વસાવી શક્યા છે. સરકારની યોજનાનો લાભ લઈને તેમણે મહાત્મા ગાંધી વસાહત જે ગોતા વિસ્તારમાં આવેલી છે ત્યાં સવા લાખ રૂપિયા ભરીને મકાન ખરીદ્યું છે. એક રૂમનું મકાન છે અને આ રૂમમાં તેમનો ચાર જણનો પરિવાર વસે છે. તેમને સોળ વર્ષની દીકરી પણ છે, તેનું નામ દુર્ગા છે. તે પણ પોતાના ભાઈની જેમ ભણવા માટે તેજસ્વી છે અને શાંતિભાઈની ઈચ્છા છે કે તેઓ પોતાની દીકરીને સારામાં સારી રીતે ભણાવશે.

તેમનો દીકરો કનૈયાલાલ ભણવામાં નાનપણથી તેજસ્વી હતો. તેને ધોરણ ૧૦માં ૮૮ ટકા આવ્યા હતા. એ પછી તેમણે ગાંધીનગર પાસે આવેલી એક કોલેજમાં મિકેનિકલ ડિપ્લોમાનો કોર્સ કર્યો, જ્યાં શાંતિલાલભાઈ ૪૦ હજાર રૂપિયા ફી ભરવી પડી હતી. પેટે પાટા બાંધીને તેમણે એ ફી ભરી હતી. એ પછી કનૈયાલાલે ત્રણ વર્ષનો મિકેનિકલ એન્જિનિયર તરીકેનો ડિગ્રી કોર્સ પણ કર્યો. જોકે, એમાં શાંતિભાઈ કહે છે કે અમે આવકનો દાખલો આપ્યો એટલે અમારે ફી ભરવાની ન આવી. ડિપ્લોમા અને ડિગ્રી બંનેમાં કનૈયાલાલે ખૂબ સારો દેખાવ કર્યો. ડિપ્લોમામાં ૯૮ ટકા લઈ આવેલો અને ડિગ્રીમાં તેમને ૯૫ ટકા મળ્યા હતા. બંનેમાં તેમને મેડલ પણ મળ્યા હતા.

દુર્ગાબહેન તેમની નાની દીકરીએ ધોરણ ૧૧ પાસ કરી લીધું છે અને અત્યારે ૧૨મા ધોરણમાં ભણે છે. શાંતિભાઈ કહે છે કે મને ગૌરવ છે કે, મારા બંને છોકરાઓ ટ્યુશન વગર ભણ્યા છે.

શાંતિભાઈ દરરોજ સવારે આઠ વાગ્યે પોતાની લારી લઈને ઘરેથી નીકળી જાય છે. રોટલી-શાક સાથેનું ટિફિન તેમની જોડે હોય છે અને રાત્રે આઠ વાગ્યે પરત જાય છે. ભાગ્યે જ રજા રાખે છે. હા, ગામડે જવાનું હોય ત્યારે જરૂર રજા રાખે છે. ગામડે વસતા માતા સોનુબહેન અને પિતા બંસીલાલને મળવા માટે તેઓ ચાર-પાંચ વખત જાય છે. એ વખતે ધંધામાં રજા પાડે છે.

શાંતિભાઈ કેટલું કમાય છે ?

તેઓ જવાબ આપે છે, કશું નક્કી ના હોય પણ મહિને સરેરાશ દસથી બાર હજાર રૂપિયા મળી રહે છે.

તમને કોઈ અફસોસ ખરો જીવનમાં ? એવો પ્રશ્ન પૂછીએ છીએ તો તેઓ જવાબ આપે છે કે, મારાં સંતાનો ભણવામાં સારાં નીકળ્યાં એનો મને ખૂબ સંતોષ છે અને બીજો સંતોષ એ છે કે શરીર માંદુ નથી પડતું, શરીર સારું રહે છે, તબિયત સચવાય છે, બિમારી આવતી નથી એ ભગવાનના મોટામાં મોટા આશીર્વાદ છે. તેઓ કહે છે કે, મને જીવનમાં કોઈ અફસોસ નથી કારણ કે, દરેક માણસે મહેનત કરીને જીવન જીવવું જોઈએ. સંઘર્ષ તો દરેકે કરવાનો હોય છે, એનો પ્રકાર જુદો જુદો હોય છે. મને ભગવાને સારો પરિવાર આપ્યો છે, સારી પત્ની આપી છે, બે સરસ બાળકો આપ્યા છે અને હું મારું પોતાનું ઘર પણ કરી શક્યો છું તેનો મને ખૂબ આનંદ છે.

હું તેમને પૂછું છું કે, તમારા દીકરા પાસેથી તમને શું આશા છે ?

હસીને તેઓ કહે છે કે, અપેક્ષા બહુ ના રાખવી જોઈએ કોઈના પાસેથી. જોકે, મને તો મારા દીકરા જોડે ખૂબ આશા છે કે તે સારું જીવન જીવશે. એ સો ટકાનો માણસ થશે અને આગળ પણ વધશે. એના પિતા તરીકેની મારી ઈચ્છા એવી જ હતી કે મેં જે જીવનમાં સંઘર્ષ કર્યો છે તે સંઘર્ષ તેને ના કરવો જોઈએ. એ સંઘર્ષમાંથી તે બચી જાય તે ભગવાને પૂરી કરી છે.

પોતાના દીકરા કનૈયાલાલનાં વખાણ કરતા તેઓ કહે છે કે, એ ભણવામાં તો હોશિયાર છે જ, પણ તે ખૂબ ડાહ્યો છોકરો છે. આજ સુધી તે મારી સામે એક પણ વખત બોલ્યો નથી. માતા-પિતા ઈચ્છત કરે છે, ખૂબ નમ્ર છે, બોલતો નથી, ક્યારેક કોઈને કડવો શબ્દ એ કહેતો નથી. ભણ્યો એટલે તેનામાં ઘણો સુધારો થયો છે. શાંતિભાઈ પોતાના દીકરા કનૈયાલાલને આટલી ગરીબીમાં ભણાવ્યો છે.

અમે શાંતિભાઈને પૂછીએ છે કે, ગુજરાત કેવું લાગે છે ? ગુજરાતીઓ કેવા લાગે છે ?

તેમના ચહેરા પર ચમક આવી જાય છે. તેઓ કહે છે કે, ગુજરાત ખૂબ જ સારો પ્રદેશ છે અને આખા વિશ્વમાં ગુજરાતમાં તમને ગુજરાતીઓ જેવી પ્રજા નહીં મળે. ગુજરાતી ખૂબ ભલા છે. ગુજરાતીઓ ગમે તેવા ગરીબ માણસને પણ સાચવી લે છે અને મદદ કરે છે. ગુજરાતીઓ ગરીબ માણસોને આગળ લાવવામાં ખૂબ જ સહયોગી કરનારી પ્રજા છે. હું આગળ આવ્યો એનું કારણ આ ગુજરાતીઓ જ છે.

ગોધૂલિ:

શિક્ષણ અને સાહિત્ય સમાજની બે આંખો છે: મનુભાઈ પંચોળી 'દર્શક'